Sahitya Manthan
A Peer-Reviewed, Open Access e-journal
ISSN: 2582 6867, Website: http://www.sahityamanthan.in
Year-5, Issue-6, Continuous Issue-36, March - April 2026

# હિમાલયનાં સાહસિક પર્વતારોહક સર્જક : પ્રભા પટેલ

ગુજરાતી સાહિત્યમાં અન્ય સાહિત્યસ્વરૂપોની જેમ પ્રવાસ- સાહિત્યમાં પણ લેખિકાઓનું માતબર પ્રદાન રહ્યું છે. હિમાલયની આરાધનાને અનુલક્ષીને પણ લેખિકાઓ દ્વારા સાહિત્ય સર્જન થતું રહ્યું છે. પૂર્ણિમા પકવાસા, માલતી દલાલ, કંચનબહેન બારોટ, અરુણા ચોકસી, જયા શાહ, હંસા મહેતા, પ્રભા પટેલ જેવાં લેખિકાઓએ હિમાલયના પ્રવાસની વિગતો રસપ્રદ રીતે આલેખી છે. પ્રભા પટેલે તો હિમાલયના સ્થળોનો પગપાળા પ્રવાસ કર્યો છે અને એ વર્ણનો 'કૈલાસ માનસરોવરના સાન્નિધ્યમાં'(૧૯૯૧) અને 'નિસર્ગનો નાદ'(૧૯૯૬) એમ બે પુસ્તકોમાં આલેખ્યાં છે.

૧૫મી જુન ૧૯૪૭ના રોજ જામજોધપુરમાં લેખિકાનો જન્મ. માતા શાંતાબેન અને પિતા મેપાભાઈનો વારસો,વ્યવસાય અને સંસ્કાર ને લેખનથી એમણે ચોકકસ દીપાવ્યો છે એમ કહી શકાય. માતા ગૃહિણી અને પિતા ઓઇલમીલ અને ટાઇલ્સના વ્યવસાય સાથે સંકળાયેલા હોવાથી બંને પક્ષે લેખિકાને તાલીમનો પણ સુઅવસર સાંપડયો. વાંચન, ચિત્રકામ, પ્રવાસ અને યોગ જેવાં શોખથી કેળવાયેલાં પ્રભાબેન સાહસિક પણ એટલા જ છે.

પ્રભાબેનનું પ્રાથમિક શિક્ષણ ભાયાવદર નામના નાનકડા ગામથી શરૂ થઇ રાજકોટ જેવા મહાનગરની શાળા-કોલેજોમાં વીત્યું. મેટ્રિક સુધીનું અને પછીથી કોલેજ શિક્ષણ પણ રાજકોટમાં જ લેખિકાએ લીધું છે. રાજકોટમાં B.Sc, L.L.B કર્યા પછી થોડો સમય વકીલાતની પ્રેકટીસ પણ કરી પણ કૌટુંબિક વ્યવસાયમાં જોડાવાને કારણે અભ્યાસ પડતો મુક્યો. પોતાના ઉછેર અંગેની હુંફાળી ક્ષણોને વાગોળતા લેખિકા નોંધે છેઃ “નિર્દોષ બચપણ, સુંદર મસ્તીભર્યો કોલેજકાળ અને ખુબ સમજદાર અને પ્રેમાળ કુટુંબીજનો વચ્ચે ખુબ સરળ અને સુંદર જીવન..” આવી પારિવારીક વાતાવરણની હુંફ વચ્ચે ઉછરેલા પ્રભાબેનમાં આટલી હિમાલયના પ્રવાસની સાહસિકતા કઈ રીતે આવી હશે ? એ પણ આપણને વિચાર કરવા પ્રેરે એવી બાબત છે. સ્કૂલ-કોલેજથી થોડુંથોડું લખતા થયેલાં અને મેગેઝીનોમાં પણ એમનાં લેખો છપાતાં પણ ઉત્તમ લેખનની શરૂઆત લેખિકાએ ૧૯૯૦માં કરેલી કૈલાસયાત્રા પછી જ કરી છે.

હિમાલય પ્રતિ અપાર શ્રધ્ધાનું બીજ લેખિકાના મનમાં શાળા સમયથી રોપાયું હતુ. શિક્ષકો પાસેથી હિમાલયની વાતો સાંભળવી, હિમાલયના વર્ણનો સાંભળવા, ત્યારથી જ ગમતું. ૧૯૬૨માં ચીને હિમાલયનો અમુક ભાગ કબજે કરી લીધેલો ત્યારે પણ લેખિકાને દુઃખ લાગેલું અને રડી પડેલાં. આવી અનન્ય હિમાલય પ્રીતિ ધરાવતાં પ્રભાબેન પર ભોળાભાઈ, પ્રીતિસેનગુપ્તા, રસીક ઝવેરી જેવાં પ્રવાસી લેખકોનો પ્રભાવ હોવાનું કહેતા લેખિકા આનંદવિભોર થઇ જાય છે.

એમનાં હિમાલયના વિવિધ સ્થળોને લગતાં ત્રણેક પુસ્તકો પ્રસિધ્ધ થયા છે. જેમાં ‘કૈલાસ અને માનસસરોવરના સાન્નિધ્ય’માં પુસ્તકને ૧૯૯૨નો ગુજરાતી સાહિત્ય પરિષદનો શ્રેષ્ઠ પુસ્તકનો દ્વિતીય પારિતોષિક પણ એનાયત થયો છે. યોગના વર્ગો ચલાવવા, ચિત્રકામ કરવું જેવી પ્રવૃત્તિઓ પણ તેઓ કરતાં રહયાં છે. ખાસ તો હિમાલયની યાત્રા માટે ઉત્સુક પ્રવાસીઓ માટે હિમાલય પ્રવાસનું આયોજન કરાવી, તેમની સાથે હિમાલય પ્રવાસે જઈ સ્થળોનો પરિચય કરાવી, સાચાં હિમાલય યાત્રીની ભૂમિકા તેઓએ અદા કરી છે.

પુરાણકાળથી ભારતવાસીઓ કૈલાસપર્વત અને માનસરોવરથી પરિચિત જ છે, તો કૈલાસ અને માનસરોવરનાં સૌંદર્યસભર વર્ણનો આપણાં પૌરાણિક અને સંસ્કૃત ગ્રંથોમાં ઠેર ઠેર જોવા મળે છે. આ યાત્રા દરમ્યાન લેખિકાને જે જે પ્રદેશોમાંથી પસાર થવાનું બન્યું ત્યાંના પર્વતો, શિખરો, ખીણો, નદીઓ, ગામડાંઓનાં વર્ણનો પ્રાકૃતિક વર્ણનો 'કૈલાસ માનસરોવરના સાન્નિધ્યમાં'માં આલેખાયાં છે. રોજનીશીરૂપમાં લખાયેલાં આ પુસ્તકમાં યાત્રા આરંભ પહેલાં અને પછી ઉપસ્થિત થતા પ્રશ્નોની વિગતો લેખિકા રજૂ કરે છે. તો વળી, 'નિસર્ગનો નાદ'માં ગંગોત્રી, એવરેસ્ટ, બેઈઝ કેમ્પ અને બદરીનાથની યાત્રા વિશેના ચાર લેખો છે. તારીખ-વાર મુજબ 'ડાયરી' લેખન પ્રકારના આ પુસ્તકમાં હિમાલયના પ્રદેશમાં વિહરણ કરતા હોવાની અનુભૂતિ થાય છે. વૃક્ષો, ફૂલો, પંખીઓ, લોકોના રીત-રિવાજો, વ્યવસાયો, ઋતુઓના મિજાજની વિગતો વર્ણનાત્મક રીતે અહીં આલેખાઈ છે.

લેખિકાને મન તો હિમાલય એટલે જાણે સ્વર્ગની સીડી છે. ઈશ્વર સાથે નજીકથી તાદાત્મ્ય સાધવાનો પ્રકૃતિનો ખોળો છે. 'કૈલાસ માનસરોવરના સાન્નિધ્યમાં' પુસ્તકમાં યાત્રીઓને માર્ગદર્શન પણ મળી રહે એ

પ્રકારના લેખોનો સમાવેશ થયો છે. ઉપરાંત હિમાલયનું સૌંદર્ય, પ્રકૃતિના દેવદર્શને ઉભરાતાં યાત્રીઓના ટોળાં, હિમાલય પ્રત્યેની લોકોની શ્રદ્ધા, હિમાલયના ખોળે વસતાં લોકોના રીતરિવાજો, લાક્ષણિકતાઓના સૌંદર્યસભર ચિત્રો–આ બંને પુસ્તકોમાં આકર્ષક લાગે છે. કૈલાસ માનસરોવર યાત્રા' પ્રકરણમાં લેખિકાએ હિમાલયને હિંદુ સંસ્કૃતિનો પર્યાય ગણાવી હિમાલયની શોભાનું વર્ણન આપ્યું છે. એની શોભાને વર્ણવતાં તેઓ નોંધે છે ; " હિમાલયમાંથી નીકળતી નદીઓના કિનારે જ ભારતવર્ષની સંસ્કૃતિ ફૂલીફાલી છે. આજે તો હિમાલય ભારતીય સંસ્કૃતિનું એક અવિભાજ્ય અંગ બની ગયો છે. હિંદુ સંસ્કૃતિનો પર્યાય હિમાલય અને તેમાંથી નીકળતી નદીઓ છે. હિમાલયમાંથી જ ઉદ્ભવેલી ગંગા હિંદુ સંસ્કૃતિનું ઉદભવસ્થાન છે. હિમાલયની અનંત અને નયનરમ્ય ગિરિમાળાને વર્ણવવા શબ્દો હંમેશા ઓછા પડે છે. " (કૈલાસ માનસરોવરના સાન્નિધ્યમાં' પૃ.૧૭)

હિમાલયનું હિંદુ પ્રજામાં જે ચિરકાળથી સ્થાન છે તે દેવતુલ્ય જ છે. પુરાણના સમયથી ચાલી આવતી ભારતીય સંસ્કૃતિનો સનાતન સાક્ષી પણ હિમાલય જ રહ્યો છે. એના ખોળે બેસી ભારતની આદિ-પરંપરાઓનું જ્ઞાન પણ મેળવી શકાય છે. હિમાલયની ગંગોત્રીના વૈભવી સૌંદર્યને ઝિલતાં જે દૃશ્ય સર્જાયું છે તે નોંધનીય છે. 'નિસર્ગનો નાદ'માં એનું દર્શન સૌંદર્યસભર આલેખાયું છે ; "ગંગોત્રીનું સૌદર્ય ખૂબ જ વૈભવી છે. પ્રકૃતિ બધી જ મુશ્કેલી ભુલાવી દે છે ! પહાડમાં દિવસ અને રાત્રિ બંનેની અલગ અલગ ઓળખ હોય છે. દિવસનાં અજવાળામાં પ્રકૃતિ સોળે કળાએ ખીલે છે, તો રાત્રિનો આકાશી વૈભવ પણ અદ્વિતીય હોય છે. તારાઓનો અખૂટ ભંડાર આશ્ચર્યચકિત કરી દે છે." ('નિસર્ગનો નાદ', પૃ.૧૮)

આવી અલભ્ય પ્રકૃતિની અંદર ડોકિયું કરતા ગંગોત્રીનું વૈભવી સૌદર્ય મનોહર લાગે છે. હિમાલયની ગિરિમાળાઓમાં લેખિકાને યાત્રા દરમ્યાન જે સૌંદર્યદર્શન ને પ્રકૃતિસુખની અનુભૂતિ થવા પામી છે એનો આનંદ વ્યકત થતો અહીં જોઈ શકાય છે. પ્રકૃતિની આહ્લાદકતાની અલંકારીક શૈલીએ નોંધ લેવાઈ છે જે રોમાંચ ઉત્પન્ન કરે છે ; "ઊગતા પ્રભાતનાં સોનેરી કિરણો ગિરિશૃંગોને પણ ખૂબ જ શોભાયમાન કરતાં હતાં. લીલછમ કુદરત ઓઢીને ઊભેલા ગિરિરાજો જાણે ધ્યાનમગ્ન થઈ ગયા હોય તેવા લાગતા હતા.

ઉન્નત પહાડો, વૃક્ષરાજીથી ભરપૂરખીણો, ખળખળતી નદી અને નાચતાં—ગાતાં ઝરણા ઉપર નીલરંગી વાદળછાયું આકાશ, ઠંડો પવન- આ મનને જકડી રાખે છે." (કૈલાસ માનસરોવરના સાન્નિધ્યમાં' પૃ.૬૩)

આવા સૌંદર્યદર્શનની ઝાંખીથી જાણે લેખિકાના રોમેરોમમાં આનંદ પ્રસરતો હોય એવું લાગે છે. ગંગોત્રી-કૈલાસનું આવું અલભ્ય દર્શન પરમતત્ત્વની નજીક લઈ જાય છે. આ સદર્ભમાં ભોળાભાઈ પટેલનું વિધાન અહીં આલેખાયેલાં સૌંદર્યને જાણે નવાજે છે. તેઓ કહે છે ; 'ડાયરી' શૈલીમાં લખવાને કારણે એમાં યાત્રાપથે ઊઘડતી પ્રત્યેક સવાર કુતૂહલની તાજગી લઈને આવતી અનુભવાય છે. માર્ગના સ્થળો જ નહીં, માર્ગના સહયોત્રીઓનાં માર્ગમાં આવતી વ્યકિતઓનાં રેખાચિત્રો પણ પ્રભાવક છે. "(એજન, પ્રસ્તાવના (ભાવવિશ્વની યાત્રા- ભોળાભાઈ પટેલ)

'નિસર્ગનો નાદ'માં આવરી લેવાયેલા લેખ આપણને 'નિસર્ગ'ની નજીક લઈ જાય છે. દેવતુલ્ય હિમાલયને ખોળે એનાથી ઈશ્વરપ્રાપ્તિ હાથવેંતમાં અનુભવાય છે. રાત્રિ, દિવસ, સંધ્યા કે તડકામાં ચમકતાં ગિરિશૃંગોમાં દેવદર્શન જેટલી નજદીકાઈ સધાયાનો લેખિકા અનુભવ કરે છે. એક પ્રકારની પ્રકૃતિનું સૌંદર્ય તો અનુભવાય જ છે પણ સાથેસાથે દર્શનાર્થીઓની અભિપ્સા મુજબનું દૈવત્વ જાણે પ્રગટતું હોય એમ લાગે છે. આવાં ગિરિશિખરો પર લેખિકાનું મન મોહિની બની જે રીતે એકીટસે સ્થિર બન્યું છે એ વર્ણનો આ બંને ગ્રંથોમાં જે રીતે ઝિલાયાં છે એ પણ નોંધનીય બને છે. આ રહ્યાં કેટલાંક ઉદાહરણો ;

"બહાર દૂર દૂર ગુર્લા-માંધાતાનાં શિખરો પર મુલાયમ તડકો છવાયેલો હતો. હિમશિખરો જાણે સાને મઢ્યાં હોય તેવાં લાગતાં હતાં. આકાશમાં ઊગતા સૂર્યની આભા છવાયેલી હતી. દારચેનથી ગુર્લા-માંધાતા એક અનુપમ છબી જેવો દેખાય છે. પ્રકૃતિએ એક વિશાળ કેનવાસ પર રંગોની જે ભાત પાડી છે, તેને શબ્દોનો શણગાર પહેરાવવાનું માનવી માટે મુશ્કેલ છે."(એજન, પૃ.૧૦૮)

તો વળી, સવાર-બપોર ને સાંજના સમયે હિમાલયના શિખરો જાણે પરિવર્તન પામતાં હોય એ દશ્ય પણ રોમાંચક લાગે છે ; "નમતી સાંજે આજુબાજુ આવેલ પહાડોનાં હિમશિખરો ધીમે ધીમે સોનેરી રંગે રંગાતા જતાં હતાં. ફરીથી એકવાર સૃષ્ટિની બદલાતી આત્મા નીરખી. સૂર્ય અને વાદળાંની સંતાકૂકડીમાં આ હિમશૃંગો અવનવા રંગે રંગાતાં રહે છે. સવારના કુમળા સૂર્યપ્રકાશમાં ચંપયી પીળો રંગ મનને કોમળતાથી ભરી દે છે. બપોરના પ્રખર સૂર્યતાપમાં તેનો ઝગમગાટ મન અને આંખને આંજી દે છે અને ઢળતા સૂર્યમાં તેનો તપાવેલા સોના જેવો રંગ મનઃસૃષ્ટિને આશાથી ભરી દે છે."(એજન, પૃ.૧૧૩)

તો કૈલાસની યાત્રાએ નિકળેલાં લેખિકાને જે રીતે કૈલાસ શિખરના દર્શન થાય છે, એની ભવ્યતાનું વર્ણન અતિ રોમાંચક લાગે છે. તેની શોભા અપરંપાર છે. ‘કૈલાસની પ્રથમ ઝાંખી' પ્રકરણમાં એનું જે રીતે દર્શન ઝિલાયું છે તે પ્રભાબહેનની કલમે ખાસ જોવાલાયક ને દર્શનપ્રિય લાગે છે ; " કૈલાસની આ ભવ્યતા

વર્ણવવા માટે શબ્દો પાંગળા લાગતા હતા. વાદળાંના ગુચ્છામાંથી આ હિમજ્યોતનો દિવ્યપ્રકાશ ચારેબાજુ રેલાઈ રહ્યો હતો. આ અદભૂત દિવ્ય શિખરને હું અપલક નયને સ્તબ્ધ બનીને કેટલીક ક્ષણો નીરખતી રહી. ગાઢા નીલા આકાશની નીચે જાણે કોઈએ ભવ્ય શિવલિંગની સ્થાપના કરી હોય તેવું ધવલ શિખર શોભતું હતું. ખરેખર, તેની શોભા અપરંપાર હતી'(એજન, પૃ.૧૧૩)

ગંગા એ હિમાલયના સૌંદર્યને વધુ નિખાર આપતો બીજો ભાગ છે એમ કહીએ તો પણ ખોટું નથી. ગંગા થકી હિમાલય ને હિમાલય થકી ગંગાની પવિત્રતા, શોભા ને ભવ્યતા છે. હિમાલયની યાત્રાએ આવતા યાત્રિકો માટે ગંગાનું પણ એટલું જ માહાત્મય હોય છે. ગંગાના પ્રવાહમાં મન અને હૃદય ભાવવિભોર બની જાય છે અને તેનો પ્રવાહ જે ગૌમુખ તરીકે ઓળખાતા સ્થળમાં નીકળે છે તેનાથી મનવચિત્ત એક પ્રકારની પરમ પવિત્ર અનુભૂતિથી રંગાઈ જાય છે. એની સૌંદર્યતામાં રહેલી પવિત્રતાનું વર્ણન માનવચિત્તને હરી લે એટલું મોહક લાગે છે. એ સૌંદર્યનું આ દર્શન જુઓ : "જેનો સારાય ભારતવર્ષમાં અપાર મહિમા છે. અહીં કોઈ મંદિર નથી કે નથી કોઈ પૂજા. અહીં માત્ર પ્રકૃતિ જ તેના ભવ્યરૂપે બિરાજે છે. પ્રકૃતિનો અખૂટ ભંડાર ચારે દિશામાં વેરાયેલો પડયો છે. સ્તબ્ધ બનીને નીરખી રહીએ, એટલું દિવ્ય અને પવિત્ર સૌંદર્ય છે.'('નિસર્ગનો નાદ', પૃ.૨૨)

ગંગાના આ ઉદગમસ્થાનનું ભવ્ય અને સોહામણું લાગતું સૌંદર્ય પવિત્ર એવી દેવભૂમિના દર્શનની નજદીકાઈ સધાયાનું બયાન આપી જાય છે. આવી જ યાત્રાળુઓનું મન પવિત્ર અનુભૂતિથી રંગાઈ જતું હશે એવું અનુમાન કરી શકાય.

હિમાલયનો પ્રવાસ એ પ્રવાસ નથી પણ એક અનુભૂતિ છે, સાધકની સાધના છે તથા ધૈર્યપૂર્વક દીર્ઘદષ્ટિએ દર્શન પામવાનું મંદિર છે. એમાં પછી ગંગા હોય, કૈલાસ પણ હોય કે અન્ય કોઈ ગિરિશિખરો પણ હોય. આ તમામ પ્રત્યેનો જેટલો શ્રદ્ધાભાવ ગહન અને દર્શનનો તલસાટ તીવ્ર એટલી જ અનુભૂતિ રોમાંચપ્રિય લાગે છે. આ પ્રકારનો ભાવ જ્યારે માનવચિત્તમાં જન્મે ત્યારે હિમાલય પણ એના અંતરાત્માનો છંટકાવ યાત્રિકોના મન પર ચોક્કસ કરે છે અને એ અનુભવે જ હિમાલયની વિદાય લેતા ભકતને વસમું લાગે છે. હિમાલયનો જે પ્રભાવ છે એ સ્પષ્ટ આપણને એમાં વર્તાય છે. અહીં બંને પુસ્તકોમાં એની નાનેરી ઝલક પણ ઘણું કહી જાય છે. એવરેસ્ટની યાત્રામાં પસાર થતાં કુદરત સાથે સંઘરાયેલું- અનુભવાયેલું આ દર્શન : "આજુબાજુ ખૂબ શાંતિ હતી. માત્ર નદીના વહેવાનો મંજુલ ધ્વનિ વાતાવરણને ભરી દેતો હતો. અમે ચૂપચાપ ચાલતાં હતાં. બોલીને આ ક્ષણોને બગાડવાની જરા પણ ઈચ્છા નહોતી. અંતરાત્માનું કુદરત સાથેનું અનુસંધાન ખૂબ સુખદ લાગતું હતું. ચારેબાજુ હિમાચ્છાદિત શિખરો સમાધિસ્થ મહાત્માઓની જેમ શોભતાં હતાં. હૃદય કુદરતની ભવ્યતાનો સાક્ષાત્કાર કરી રહ્યું હતું, "( એજન, પૃ.૭૧-૭૨)

એથીય આગળ કૈલાસની તળેટીમાંથી વિદાય લેતાં લેખિકાનું મન ઉદાસ થઈ જાય છે એ પણ કૈલાસનો જ પ્રભાવ, બીજું શું? જુઓ આ અનુભૂતિ ; "કૈલાસથી દૂર દૂર થતાં જવાની અનુભૂતિ મનને થોડું ઉદાસ કરી ગઈ. ગઈકાલનો બધો થાક, તકલીફ, ઠોડી, બધું ભૂલી અહીં જ રહી પડવાનું મન થઈ આવ્યું. કોઈ પ્રબળ શકિત જાણે મને ખેંચી રહી હતી. કયારે ફરીથી અહીં આવીશ ? ફરીથી શું આ બધું જોવા પામીશ ? મારે કયાંય નથી જવું, અહીં જ રહેવું છે ! આ જ મારી પરમ ભૂમિ ! આજનું મારું અહીં હોવું એજ માત્ર પરમ સત્ય ! (કૈલાસ માનસરોવરના સાન્નિધ્યમાં' પૃ.૧૨૭–૧૨૮)

આમ, કૈલાસનું સામીપ્ય ને હિમાલયનું ગાન ગવાય એવો સફળ પુરુષાર્થ જે રીતે પ્રભાબહેને પગપાળા હિમાલયની યાત્રા થકી કર્યો એવો જ હિમાલય અહીં નિખરતો રહ્યો છે સૌંદર્યનું દર્શન તો થાય છે સાથોસાથ પ્રકૃતિ જાણે સોળે કળાએ ખીલી આ ગ્રંથોમાં વરસી હોય એવું લાગ્યા કરે છે.

000000000

સંદર્ભ સાહિત્ય :


૧. કૈલાસ માનસરોવરના સાન્નિધ્યમાં, પટેલ, પ્રભા, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, ૧૯૯૮ (દ્વિ.આ.)
૨. નિસર્ગનો નાદ, પટેલ, પ્રભા, પ્રવીણ પ્રકાશન, રાજકોટ, ૧૯૯૬



ડો.મેહુલ ડી. પટેલ
શ્રી ટી.એમ.એસ.ડી. મહિલા કોલેજ, આદીપુર
મો.૯૪૦૮૨ ૮૩૯૮૩